ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૩૧ ટકા

## જન્મદિને વધામણી



વૈદેહી કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭૩૪૪૪૮




કીવા પ્રવિણભાઈ ભરવાડ
રામપુર, તા. મોડાસા



જયસુખલાલ એસ. દોશી
મો. ૯૪૨૮૦૪૪૪૫૧



પ્રદીપસિંહ બિહોલા
પ્રમુખ, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૮ ૧૫૬૩૧



નિમિષકુમાર રસિકલાલ પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪



મહંમદભાઈ રહેમાનભાઈ શેખ
પ્રમુખ, વાવોલ મુસ્લિમ સમાજ



મુકેશ વેદ
મો. ૯૮૨૫૧૯૩૧૦૫



પ્રવિણાબેન વોરા
સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર



કિયાન જીગરકુમાર શ્રીમાળી
મો. ૮૪૯૦૮૪૭૭૯૯

# શહેરમાં બેવડી ઋતુના અનુભવથી શહેરીજનો ત્રસ્ત

## સામાન્ય તાવ અને શરદી થવાથી કોરોના થવાનો ભય

ગાંધીનગર, તા.૬

કોરોનાની મહામારીએ સમગ્ર જનજીવનને માઠી અસર પહોંચાડી છે ત્યારે હવે સામાન્ય શરદી થાય તો પણ કોરોના થયાનો ડર સતાવે છે. શહેરમાં ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ વાતાવરણમાં ઠંડી ઓછી થતા રાહત થઈ હતી ત્યારે છેલ્લા બે ત્રણ દિવસથી દિવસ અને રાત્રીના તાપમાનમાં ત્રણ ગણો તફાવત નોંધાયો હતો અને શહેરીજનોને બેવડી ઋતુનો અનુભવ થયો હતો.

ઠંડી ૧૦ ડિગ્રી આસપાસ અને દિવસનું તાપમાન ૩૦ ડિગ્રી જેટલું હોવાથી ઠંડી ગરમી બંને ઋતુનો અનુભવ થઈ રહ્યો છે જેને કારણે શરદી-ખાંસી અને તાવના કેસમાં વધારો થઈ રહ્યો છે અને આ સામાન્ય તાવ કે શરદી થતા શહેરીજનોને કોરોના થવાનો ડર સતાવી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસથી કોરોનાના કેસમાં ઘટાડો થતા શહેરીજનો ચિંતામુકત થયા હતા પરંતુ શહેરમાં આ બેવડી ઋતુનો અનુભવ થતા રોગચાળો વધી રહ્યો છે જેને કારણે કોરોના થવાનો ભય શહેરીજનોને સતાવી રહ્યો છે. દિવસ દરમિયાન પંખો ચાલુ કરવો પડે તેવી ગરમી અને રાત્રે ઓઢીને સુવું જ પડે એટલી ઠંડી સાથે આ બેવડી ઋતુનો અનુભવ શહેરીજનોને ભારે પડી રહ્યો છે. હવામાન તજજ્ઞોના જણાવ્યા પ્રમાણે હજી પણ એક ઠંડીનો રાઉન્ડ આવશે.



લાયન્સ પરિવાર ગાંધીનગર, આરટીઓ, ટ્રાફિક પોલીસ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ૩૨મા માર્ગ સલામતી માસ દરમિયાન ગાંધીનગરની જુદી જુદી જગ્યાએ ઉજવણી કરવામાં આવી હતી. વાહનચાલકોને હેલ્મેટ પહેરવા તેમજ સીટ બેલ્ટ બાંધવા માટે વાહનચાલકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ટ્રાફિક પી.આઈ. એમ.આર. પુવાર મેડમ, એઆરટીઓ એમ.આર. ગજ્જર, લાયન પ્રમુખ ઉમંગ પંડયા તેમજ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરની ઓળખ તેના બગીચાઓથી પણ છે. સેકટરે સેકટરે આવેલા બગીચાઓ મનને મોહી લે છે. પાટનગરની સ્થાપના સમયે બનાવવામાં આવેલા આ બગીચાઓ જાળવણીના અભાવે ઉજજડ બન્યા હતા પરંતુ મનપા દ્વારા હવે તેના નવીનીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. વીઆઈપી ગણાતા સેકટર-૮ના બગીચાનું નવીનીકરણ ખૂબ જ ધ્યાનાકર્ષક રહ્યું છે. બગીચાની નવીન આકર્ષક ડિઝાઈન ખૂબ જ જહેમતપૂર્વક બનાવાઈ છે. સુંદર લેન્ડસ્કેપીંગની સાથે સાથે ઠેર ઠેર લગાવવામાં આવેલા તાંબાના ઘંટ બગીચાનું આકર્ષણ વધારી રહ્યા છે. આ બગીચો હવે કયારે જાહેર જનતા માટે ખુલ્લો મુકાય તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યાં છે.

## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાનપ્રવાહ) રીપીટર વિદ્યાર્થી જોગ

ગાંધીનગર, તા.૬

શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગરના તમામ રિપીટર, આઈસોલેટેડ વિદ્યાર્થીઓ જેઓને આગામી મે-૨૦૨૧માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષામાં ઉપસ્થિત થવું હોય તે વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન ફોર્મ તારીખ-૧૫/૨/૨૦૨૧ સુધીમાં ભરાવાના હોય, તમામ વિદ્યાર્થીઓએ તા- ૧૫/૨/૨૦૨૧ શાળા સમય-૭.૩૦ થી ૧૨.૦૦ સુધીમાં શાળાના કાર્યાલયમાં રૂબરુ આવી ફોર્મ ભરીને જમા કરાવવા શાળાના આચાર્ય દ્વારા જણાવાયું છે.

# વગર ચોમાસે ગોકુલપુરામાં વહેતી દૂષિત પાણીની નદીઓ....!

### સતત ગટર ઉભરાવાની સમસ્યાથી પિડીત વસાહતીઓના માથે રોગચાળાનો ભય : કોર્પોરેટર્સથી માંડીને સત્તાધીશોની ઉપેક્ષાથી વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં ગાધીનગર મહાનગર પાલિકાનો વિસ્તાર વધારીને વિવિધ ગ્રામ્ય વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. જેથી આ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોમાં હવે પાયાની સુવિધાઓ વધુ સારી પ્રાપ્ત થશે તેવી આશા જાગી છે. જો કે અગાઉથી જ ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાયેલી ગોકુળપુરા વસાહતની હાલની સ્થિતિ જોતાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની આશા ઠગારી નિવડી શકે તેવી શંકા પણ ઉપજવા પામી રહી છે. ગોકુલપુરામાં ચોમાસું પસાર થયે પણ ચાર માસ જેવો સમય વીત્યો છતાં હજુ પણ ગંદકીની નદીઓ વહી રહી છે અને સતત વહેતા દૂષિત પાણીને કારણે વસાહતીઓના સ્વાસ્થ્ય પર જોખમ મંડરાઈ રહ્યું છે.

એક તરફ ગાંધીનગરના શહેરી વિસ્તારમાં નવા નવા વિકાસ કાર્યો ધમધમી રહ્યા છે ત્યારે શહેરના જ ગોકુલપુરા વસાહત જેવા વિસ્તાર તરફ પાયાની સુવિધાઓ પ્રત્યે પણ બેકાળજી દાખવતી હોવાનું વસાહતીઓને અનુભવાઈ રહ્યું છે. શહેરના આ વિસ્તાર નજીક જ આંતરરાષ્ટ્રીય કક્ષાની પંચતારક હોટલ તથા નવા કેપિટલ રેલવે સ્ટેશનનું અત્યાધુનિક ડિઝાઈન અનુસાર નિર્માણ કરવામાં આવ્યું છે અને તેની ચમકને ઝાંખપ ના લાગે તે હેતુસર આગળની ઝુંપડપટ્ટીને પણ હટાવી દેવામાં આવી રહી છે. આ સાથે અહીંથી પસાર થતા 'ક' માર્ગનું બ્યુટિફિકેશન પણ કરવામાં આવી રહ્યું છે. જે જોઈને પંચતારક હોટલથી માંડ પાંચસો સાતસો ફુટના અંતરે રહેતા ગોકુળપુરા વસાહતીઓ મ્હોં વકાસી રહ્યા છે, કેમ કે આ વસાહતમાં રહેતા અસંખ્ય પરીવારોના જીવન પ્રત્યે સત્તાધીશો દ્વારા કોઈ માનવીય અભિગમ દાખવાતો જોવા નથી મળી રહ્યો, એટલું જ નહીં પરંતુ અહીં ગત મનપાની ચુંટણીઓ વખતે મોટાં વચનો આપીને ભોળા વસાહતીઓના મત અંકે કરી જનારા કોર્પોરેટર્સ પણ અહીંની ગંદકી સહિતની ફરિયાદો પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યા હોવાની ફરિયાદો વસાહતીઓ કરી રહ્યા છે. આ કારણે ગોકુલપુરા વસાહતમાં સ્થાનિક કોર્પોરેટર્સ સહિત સત્તાધીશો પ્રત્યે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

### શું છે ગોકુલપુરાની સમસ્યા?

ગોકુલપુરા વસાહતમાં ગટરલાઈન સતત ઉભરાતી હોવાથી તેનું દૂષિત પાણી સમગ્ર વસાહતની શેરીઓમાં ફરી રહ્યું છે જેના કારણે વસાહતમાં કાદવ-કિચડ સહિત દુર્ગંધનો માહોલ સર્જાયો છે. આ ઉપરાંત વસાહતમાં રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. ગોકુળપુરામાં મોટા ભાગે પશુપાલકોની વસતી હોવાથી ગાયોના પોદળાં વગેરેને કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે જેના કારણે વસાહતના નાના બાળકોથી માંડીને વડીલોનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. આગામી મનપાની ચુંટણીઓમાં ગોકુલપુરાના વસાહતીઓ દ્વારા આ સમસ્યા પ્રત્યે પ્રજાના પ્રતિનિધિઓનો જવાબ માંગશે અને અગાઉ વચનો આપવા છતાં વસાહત પ્રત્યે ઉપેક્ષા કરનારા સ્થાનિક કોર્પોરેટર્સ માટે ફરી અહીંથી મત મેળવવા ભારે પડશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.



## ખ માર્ગ પર અજાણ્યા વાહનની ટક્કરે વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬

મુળ બનાસકાંઠાના સુઈ ગામના અને ગાંધીનગર શહેરના સેકટર-૪ સી ખાતે છાપરા ખાતે વિનુજી દિલિપજી ઠાકોર રહે છે. જયારે વિનુજી ખાનગી પટાવાળા તરીકે ફરજ બજાવીને પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. જયારે વિનુજીના દાદા મૃતક ખેમાજી ઠાકોર છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ગાંધીનગર ખાતે રહેતા હતા. ૮૦ વર્ષિય ખેમાજી ઠાકોર શનિવારના રોજ સવારના નવ વાગ્યાના અરસામાં સેકટર-૪ બી થી સી વચ્ચેના ખ માર્ગ પર ટી પોઈન્ટ પાસે ચાલતા જઈ રહ્યા હતા તે સમયે મહાત્મા મંદિર તરફથી એક અજાણ્યા બાઈક ચાલકે તેમને અડફેટે લીધા હતા. બાઈકની ટક્કરે પગલે ખેમાજીને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યારબાદ ગાંધીનગરથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. જયાં સારવાર દરમિયાન ખેમાજી ઠાકોરનું અવસાન થયું હતું. જયારે અકસ્માત કરનાર બાઈકનો નંબર કોઈએ જોયો ન હતો. જેથી મૃતક ખેમાજીના પૌત્ર વિનુજીએ સેકટર-૭ પોલીસ મથખે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સે-૨૨માં મનપા દ્વારા ડામર રોડ નવીનીકરણ શરૂ : મેયરશ્રીએ સ્થળ મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ અત્યાર સુધી તંત્ર દ્વારા નાણા ચૂકવીને રોડના નવીનીકરણની કામગીરી પાટનગર યોજના વિભાગ મારફત કરાવવામાં આવતી હતી. સ્માર્ટ સિટી અંતર્ગત હવે મહાનગર પાલિકા દ્વારા જ પ્રથમવાર સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર પાસેથી રસ્તાના નવીનીકરણની કામગીરીની શરૂઆત શનિવારે કરવામાં આવી છે. ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. મેયરશ્રી દ્વારા અધિકારીઓ સાથે વાત ચીત કરવાની સાથે મહાનગર પાલિકા દ્વારા જાતે જ કામ હાથ ધરવામાં આવ્યા છે, ત્યારે કામની ગુણવત્તા જળવાઈ રહે તે બાબત ખાસ જોવાની સુચના આપી હતી. ડામર રોડના નવીનીકરણની આ કામગીરી ટુંક સમયમાં પૂર્ણ કરાશે તેમ મેયરશ્રીએ જણાવ્યુ હતું.

## સે-૧૬માં જાગૃત વસાહત ફોરમ દ્વારા રામધૂન યોજાઈ

ગાંધીનગર, તા.૬

ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝની સામે સેકટર-૧૪ ગાંધીનગર ખાતે જાગૃત વસાહત ફોરમના ઉપક્રમે ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝના તત્વધાનમાં શ્રી રામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ રાષ્ટ્રીય સ્વાભિમાનની પુનઃ પ્રતિષ્ઠા માટે રામ લલ્લાનો સુંદર સંદેશ લોકોના ઘર ઘર સુધી પહોંચાડવા માટે રામ ધૂન કાર્યક્રમનું આયોજન ૫મી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ કલાકે કરાયું હતું. ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝના માલિક રાજીવ ગુપ્તા દ્વારા અને જાગૃત વસાહત ફોરમના ડૉ. ગુલાબચંદ પટેલ, મહેન્દ્રભાઈ ચૌહાણ, કાંતિભાઈ પટેલ એવોડકેટ તથા વસાહત મંડળના પ્રમુખ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પંકજભાઈ, ગઢવીભાઈ, ઈન્ડિયન લાયન્સના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ તથા કોર્પોરેટર વિનોદભાઈ ઉદેચા તથા કનુભાઈ દેસાઈ તથા સેકટરના વસાહતી ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજે કુડાસણમાં રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના કુડાસણ ખાતે દર્સ ફાઈનાન્શિયલ સર્વિસિસ તથા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા તા. ૭મી ફેબ્રુઆરી રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ રક્તદાન કેમ્પનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. દર્ષિત ઠક્કરની જન્મતિથિ નિમિત્તે આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં સહભાગી બની રક્તદાન કરવા શહેરના રક્તદાતાઓને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. આ રક્તદાન કેમ્પ કુડાસણમાં રિલાયન્સ ચાર રસ્તાથી કુડાસણ તરફ જવાના માર્ગે ફેમકેર વિમેન્સ હોસ્પિટલ ખાતે યોજવામાં આવી છે.



જે.બી. પ્રાથમિક શાળાના ધો-૩ થી ૮ના વિદ્યાર્થીઓની પાંદડામાંથી તોરણ બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં તમામ વર્ગના કુલ ૯૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## આવતી કાલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં છેલ્લાં છ વર્ષ થી ચાલતી પુસ્તક પરબ પ્રવૃત્તિ તાજેતરમાં કોરોનાની પરિસ્થિતિને કારણે યોજાતી નહોતી.

આ વર્ષની ફેબ્રુઆરી માસની પુસ્તક પરબ બલરામ ભવન, ઉમિયા મંદિર પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગરમાં તા. ૭-૨-૨૦૨૧ રવિવારના રોજ સવારે ૮.૦૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પરબ સોશીયલ ડિસ્ટન્સના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરી આવવાનું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો મુલાકાતીઓને અગાઉ જેમ પ્રાપ્ય બનશે.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબના મિત્રો દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.

## દહેગામથી છળકપટથી મેળવેલા દાગીના વેચવા ફરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૬

દહેગામ નહેરુ ચોકડી પાસે છળકપટથી મેળવેલા દાગીના વેચવા ફરતા શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે દબોચી લીધો છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો દહેગામ વિસ્તારમાં કાર્યરત હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહને આરોપી અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે દહેગામ નહેરુ ચોકડી પાસેથી સોનાના દાગીના વેચવા માટે ફરતા ગોપાલનાથ લાડકનાથ ભાટી (ઉં.૪૩ રહે મદારી નગર દહેગામ) ને પકડી પાડ્યો હતો. પોલીસે તપાસતા ખીસ્સામાંથી રૂ.૬૦,૩૦૦ ની સોનાની ચેઈન અને રૂ.૨૯,૫૦૦ ની કિંમતની વીટી મળી આવી હતી. આ સોનાની ચીજવસ્તુ માટે આધાર પુરાવા માંગતા તે આપી શક્યા ન હતા. જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા આ દોરો અને વીંટી એક વર્ષ પહેલા બારડોલી ખાતેથી સેરવી લીધા હોવાનું જણાવ્યું હતું. આરોપી દેવનાથ પોતાના અન્ય મિત્રો રાહુલનાથ કંચનનાથ મદારી અને કરણનાથ નટવરનાથ મદારી ગાડીમાં સુરત ગયા હતા. બારડોલી પાસે કરણનાથે નાગા બાવાનો વેશ ધારણ કરી એકલા જતા એક વ્યકિત પાસે સરનામુ પુછવાના બહાને ગાડી ઉભી રાખીને આશિર્વાદ આપવાના બહાને તેઓએ નજર ચુકવી દાગીના સેરવી લીધા હતા.

## સીપીએલ ટી-૨૦ની લીગમાં સ્પોર્ટ્સ ક્લબે સિટી પોલીસને પરાસ્ત કરી

### મેન ઓફ ધ મેચ રાજેશ તબિયારે ૧૭ રનમાં ૫ વિકેટ ઝડપી : સિટી પોલીસના મિહિર પટેલની હાફ સેન્ચ્યુરી

ગાંધીનગરના સેકટર-૮માં સમર્પણ ગાઉન્ડ ખાતે ચાલી રહેલી સીપીએલ ટી-૨૦ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી તથા ગાંધીનગર સીટી પોલીસની ટીમ ટકરાઈ હતી જેમાં સ્પોર્ટ્સ એકેડમીની ટીમનો વિજય થયો હતો. આ મેચમાં રાજેશ તબિયારે માત્ર ૧૭ રનમાં ૫ વિકેટ ખેરવી મેન ઓફ ધ મેચનો ખિતાબ જીત્યો હતો.

સીપીએલ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની લીગમાં શુક્રવારે રમાયેલી મેચમાં ગાંધીનગર સીટી પોલીસની ટીમે ટૉસ જીતીને ફીલ્ડીગ લીધી હતી. ગાંધીનગર સ્પોર્ટસ એકેડમીની ટીમે



પહેલા બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં વેણુ શ્રીનિવાસના ૪૪ રનની મદદથી ૧૦ વિકેટે ૧૧૫ રનનો સ્કોર કર્યો હતો જેમાં પોલીસ ટીમ વતી અશોક ચૌધરીએ ૨૧ રનમાં ૩ અને પીએસઆઈ એસ.એન.ચૌધરીએ ૧૯ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. ૧૧૬ રનના લક્ષ્યાંકના જવાબમાં સિટી પોલીસ ટીમ મિહિર પટેલની ૫૧ રનની ઈનિંગ છતાં ૧૯.૫ ઓવરમાં ૧૦૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. સ્પોર્ટ્સ ક્લબની ટીમ વતી પાર્થે ૮ રનમાં ૩ વિકેટ અને મેન ઓફ ધ મેચ રાજેશ તબિયારે ૧૭ રનમાં ૫ વિકેટ ઝડપી તરખાટ મચાવ્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. દરજી જયંતિલાલ સોમાલાલ
  ઉ.વ. ૬૩, સેકટર-૬
- સ્વ. સુખડીયા લીલાવતીબેન મફતલાલ
  ઉ.વ. ૯૦, સેકટર-૨૧
- સ્વ. આચાર્ય જગદીશચંદ્ર ભગવાનજી
  ઉ.વ. ૮૨, જીઓસઈસીએલ કોલોની

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ સાકરબેન કેશવલાલ
  ઉ.વ. ૬૯, અડાલજ